
# વાર્તામેળો-૪

**વિદ્યાર્થીઓ અને શિક્ષકોની કલમે વહેતી વાર્તાઓ**

સંપાદક

**દર્શા કિકાણી**

# ભાગ્યવિધાતા



**ખેર સુમિત્રા નિલેશ**
આર્યમ એજ્યુ. એકેડેમી, સુરત.

છાયા, આ એક ફરિશ્તાની વાત છે, જેને તું જાણે છે. મેલાં-ઘેલાં કપડાં, વિખરાયેલા વાળ, પરસેવાની દુર્ગંધ અને નાકમાંથી તો જાણે શરદીનું લીંટ નીચે પડવાની તૈયારી કરી રહ્યું હોય એવો લઘર-વઘર એનો દેખાવ. એને જોતાં જ જાણે કે લોકો નાક બંધ કરી રસ્તો બદલી નાંખે. જાણે કે આજ દિન સુધી કોઈએ એને ''સ્વચ્છતા''ના પાઠ ભણાવ્યા જ ન હોય ! વર્ગમાં તો એ છેલ્લી પાટલી પર બેસે. એની સાથે કોઈ બેસવા તૈયાર ના હોય. નામ તો એનું રાજા પણ બિચારો રાંકની જેમ એકલો બેસી રહે. ના ક્યારેય વર્ગમાં ઊભો થઈ પ્રશ્ન પૂછે કે ના ક્યારેય વર્ગમાં કોઈ ધમાલ-મસ્તી. વર્ગમાં એની શારીરિક હાજરી તો ખરી જ; પણ માનસિક રીતે તો એ ગેરહાજર જ રહેતો.

નિયતિના ખેલને કોણ સમજી શકે...? શનિવાર હોવાના કારણે હું શાળાએથી વહેલી આવી ગઈ.

બા-બાપુજીને મળવા જવાનું હોવાથી હું ઉતાવળે સ્ટેશને પહોંચી પણ કરમનું કરવું તે દિવસે ટ્રેન લેટ હતી. થોડી વારમાં સરરર... કરતી બીજી ટ્રેન આવીને ઊભી રહી; પણ એ ટ્રેન મારી નથી એ જાણી હું પાછી બાંકડા પર બેઠી... ત્યાં તો ''ગરમાગરમ ચાય, ચાય પી લો ચાય...''નો કાલોઘેલો સુમધુર અવાજ મારા કાને અથડાયો. ડોક ઊંચી કરીને જોયું તો નાનકડા નાજુક હાથમાં ચાયની કીટલી પકડેલી અને ગજબની સ્ફૂર્તિથી એ

પગ વારાફરતી ટ્રેનના ડબ્બાની બારીએ-બારીએ ઝડપથી પસાર થતા હતા. કંઈ કેટલાયે લોકોને ચા પિવડાવીને હવે ટ્રેનની સીટી વાગી અને ટ્રેન ગતિ પકડવા લાગી ત્યાં તો બારીમાંથી હાથ કાઢી દસની નોટ આપી રહેલા પેસેન્જર સુધી પહોંચવા આ નાનકડા પગે હાથમાં કીટલી લઈ દોડવા માંડ્યું; ત્યાં તો એ પગ લથડિયું ખાઈ... કોઈ મોટો અકસ્માત સર્જાય એ પહેલાં જ એક સજ્જને તેને બચાવી લીધો. ગરમ ચાઈ તેના પગ પર ઢોળાઈ જતાં થોડું દઝાઈ જવાયું હતું. મેં ઝડપથી મારા બૉટલમાંથી થોડું ઠંડું પાણી તેના પગ પર રેડ્યું જેથી થોડી રાહત થઈ.

જ્યારે હું એને બે ઘૂંટ પાણી પીવડાવવા ગઈ ત્યારે મારા આશ્ચર્યનો પાર ના રહ્યો. ભીડના કારણે હું તેનો ચહેરો જોઈ ના શકી; ને હવે જોયું તો મારા પગ તળેથી જમીન ખસી ગઈ...! મારા વર્ગની છેલ્લી પાટલી પર બેસતો એ મૂરઝાયેલો ચહેરો અહીં આટલી ઝડપથી, ઉઘાડા પગે, માથે જોખમ લઈને ટ્રેનના ડબ્બે-ડબ્બે આમ ચા વેચવા જાય...! હજી તો હું કાંઈ પૂછું એ પહેલાં જ પચાસેક વર્ષની ઉંમરના એ કાકા એને હાથ પકડી સીધા લઈ ગયા પીવાના પાણીના નળ પાસે અને નળ ચાલુ કરી નીચે તેનો પગ ધરી દીધો. પાતળા રૂમાલથી પગ લૂંછી નજીકના ટી-સ્ટૉલ પરથી દૂધની મલાઈની પોપડી તેના પગ પર લગાવી આપી. હું કંઈ પૂછવા જાઉં ત્યાં તો ટ્રેનની કારમી વ્હિસલે મારા વિચારોને અટકાવ્યા. હું ટ્રેનમાં ચઢી ગઈ. હું ટ્રેનની બારીમાંથી એ નિર્દોષ ચહેરાને મૂંઝવણભરી નજરે જોઈ રહી. હવે ટ્રેન ગતિમાન થઈ ને રાજા મારી આંખો સામેથી અદશ્ય થવા લાગ્યો. પણ તેની સ્મૃતિ મારા માનસપટ ઉપર કોતરાઈ ગઈ.

બા-બાપુજીના વહાલના વરસાદમાં ભીંજાતા આ રવિવાર ક્યાં પૂરો થયો એની ખબર ના પડી અને આજે ફરી ભાગતી-દોડતી જિંદગી સાથે તાલ મિલાવી હું શાળાએ પહોંચી. ઉતાવળે હું મારા વર્ગમાં ગઈ પણ મારી નજર જેને શોધતી હતી એ રાજા મને દેખાયો નહીં. પૂછતાછ કરતાં જાણવા મળ્યું કે રાજા હવે શાળાએ આવશે નહીં. હજી વધારે જાણવાની ચેષ્ટા કરું ને ત્યાં તો શાળાનો ઘંટ રણક્યો ને બાળકો છુટ્ટીના આનંદમાં ઝડપથી બૅગ પેક કરી નીકળી ગયાં. હું મનમાં પ્રશ્નોના ધુંધવાટની સાથે ઘરે પહોંચી. રસોઈ કરી ઘરકામમાંથી ફ્રી થઈ હું પૂજારૂમ પાસે જતી હતી ને ડોરબેલનો અવાજ આવ્યો. સુજયને ઑફિસેથી આવવાનો સમય હતો એટલે હું હરખઘેલી થઈ દરવાજા તરફ દોડી. સુજયના માથા પરની પટ્ટી જોતાં મારો હરખ જ વ્યથામાં પરિવર્તિત થઈ

ગયો. હું પ્રશ્નોનો વરસાદ વરસાવું ત્યાં તો એક બાળક સુજયની બૅગ લઈ ઘરમાં એન્ટર થયો. મારા મુખની મુદ્રા પરથી સુજય સમજી ગયા અને મારો હાથ પકડી સાંત્વન આપતાં કહ્યું, ''ચિંતા કરવાની જરૂર નથી નાનકડી ચોટ છે રુઝાઈ જશે.'' વાત જાણે એમ છે કે ૧૯મી જાન્યુઆરીએ પ્રાઈવેટ કંપનીની ટ્રેન ''તેજસ એક્સપ્રેસ''નું ઉદ્‌ઘાટન છે. તેના અનુસંધાનમાં હું એક મિટિંગ માટે ગયો હતો.

ત્યાં સ્ટેશન પર મારો પગ સ્લીપ થવાથી અકસ્માત સર્જાયો. એ તો ભલું કરે ભગવાન આ નાનકડા બાળકનું કે જેણે પોતાનો જીવ જોખમમાં નાખી મને બચાવ્યો. સાંભળ, આ છોકરો આજથી આપણી સાથે રહેશે. તારા પતિદેવને સંકટમાંથી ઉગારનાર આ ફરિશ્તો ભગવાનની ભેટ સ્વરૂપ છે. હા... સાચી વાત છે તમારી, પણ એ છે... કોણ ? એનું નામ શું...? એવો પ્રશ્ન પૂછું એ પહેલાં બાળકનો અવાજ મારા કાન સાથે અથડાયો : "કેમ મેડમ, મને ના ઓળખ્યો...?" પાછળ ફરીને જોયું તો મારો રાજા...! મેં એને છાતીસરસો ચાંપી દીધો. જે ભગવાનને હું મંદિરોમાં શોધતી હતી તે ભગવાન સ્વયં મારા ઘરે પધાર્યા હતા. વાત્સલ્યનો વરસાદ થયો ને મારો રાજા ભીંજાઈ ગયો. બસ ત્યારથી આજ દિન સુધી મેં રાજાની મારા સગા દીકરાની જેમ પરવરિશ કરી. ક્યારેય અમારાથી અલગ કર્યો નથી.

સમયના ચક્રને કોણ રોકી શકે...? આજે રાજા તેની મહેનતના સહારે ડૉક્ટર બની ગયો છે. વળી, તેના સેવા અને વફાદારીના ગુણને લીધે આસપાસના વિસ્તારમાં એ ખ્યાતનામ થઈ ગયો. એક મજબૂર, દયનીય ચહેરાને આજે ખુશખુશાલ અને લોકલાડીલો ચહેરો બનાવવા પાછળ સુજયનો બહુ મોટો ફાળો છે. સુજયના સેવાભાવી અને દયાળુ સ્વભાવે જ મને તેના તરફ આકર્ષિત કરી હતી. સુજયે રાજાના ઉજ્જવળ ભવિષ્ય પાછળ પૈસાની કોઈ કસર છોડી ન હતી. તેવી જ રીતે રાજાએ સુજયને સંતુષ્ટ કરવા માટે પરિશ્રમની કોઈ કમી રાખી ન હતી. પૈસા અને પરિશ્રમનાં સમન્વયથી મારું આંગણું આજે સેવાનું કેન્દ્ર બન્યું.

દર રવિવારે ''રાજા'' અમારા ઘરના પટાંગણમાં ગરીબ દર્દીઓને મફત સારવાર આપવાનું કાર્ય કરે છે. હું અને સુજય તેના આ કાર્યમાં સહભાગી બનીએ છીએ. આજે આ કૅમ્પમાં અચાનક તારી મુલાકાત થતાં ભૂતકાળની યાદો તાજી થઈ આવી. અનેક અસહાય લોકોનાં અંતરનાં આશીર્વાદ મેળવતા આ ''રાજા''ની તને ઓળખ આપું

તો... યાદ કર છાયા, પાંચમા ધોરણમાં ભણતો એ વિદ્યાર્થી જેને તે ત્રણનો ઘડિયો વીસ વખત લખવા આપ્યો હતો. આખા મેદાનના પાંચ રાઉન્ડ લગાવડાવ્યા હતા તે વાત યાદ છે ને...! છાયા એ મુરઝાયેલો રાજા આજે અહીં તારો ઇલાજ કરે છે. એ તો ડૉક્ટરોનો ''રાજા'' બની ગયો છે. વિશ્વાસ રાખ, આવતા રવિવારે ફરી તારે ડૉક્ટર પાસે ના જવું પડે. જલદી સાજી થઈ જશે. આપણો ''રાજા'' અરે ''ડૉક્ટર રાજા'' દર્દીઓને દવા અને દુઆ બન્ને વહેંચે છે. કંઈ કેટલાંયે દીન-દુઃખિયા અને અસહાય લોકોના જીવનમાં ખુશીઓનાં ફૂલ ખીલવવાનું કાર્ય આપણો રાજા કરે છે.''

છાયા, આને કિસ્મતની કરુણતા કહું કે પછી કિસ્મતની કરામત...! પણ એક વાત તો ચોક્કસ છે કે પરિશ્રમના પ્રહારથી કિસ્મતનું તાળું ખૂલી શકે છે. સાથે-સાથે યોગ્ય માર્ગદર્શકનો સાથ-સહકાર હોય તો જીવનની દશા અને દિશા બન્ને બદલાઈ જાય છે. કોઈએ સાચું જ કહ્યું છે કે,

''મનુષ્ય પોતે જ પોતાના ભાગ્યનો વિધાતા છે.''

★